પાઠ - 6: જળપ્રલય

શાસ્ત્રવાંચન: ઉત્પત્તિ 7:1-24

1. હું કોણ છું?

આમાંથી પસંદ કરો: નૂહ, ઈશ્વર, વરસાદ

1. મેં ઈશ્વરની આજ્ઞા પાળી અને વહાણમાં ગયો. હું કોણ છું? _____
2. મેં વહાણનું બારણું બંધ કર્યું. હું કોણ છું? _____
3. હું 40 દિવસ અને 40 રાત પડ્યો. હું કોણ છું? _____

2. જુદો પડતો શબ્દ શોધો

જે બંધ બેસતો નથી તેના પર ગોળ કરો:

1. વહાણ – વરસાદ – પ્રાણીઓ – મીઠાઈ
2. આજ્ઞા પાળી – સાંભળ્યું – ભરોસો કર્યો – અવગણ્યું
3. નૂહ – પત્ની – દીકરાઓ – ફારુન

3. આજ્ઞા પાળવી કે તોડવી?

આજ્ઞા પાળતા હોય તો "પા" લખો, આજ્ઞા તોડતા હોય તો "ત" લખો:

1. ઈશ્વરે કહ્યું ત્યારે નૂહ વહાણમાં ગયો. (___)
2. લોકોએ ઈશ્વરની ચેતવણી સાંભળી નહિ. (___)
3. મમ્મીએ ના પાડી છતાં એક બાળકે ગરમ વાસણને અડકી લીધું. (___)
4. મારાં માતાપિતા જે કહે તે હું કરું છું. (___)

4. ચર્ચાના પ્રશ્નો

1. ઈશ્વરે જળપ્રલય કેમ મોકલ્યો?

2. નૂહ વહાણમાં સુરક્ષિત કેમ હતો?

3. આપણે રોજ ઈશ્વરની આજ્ઞા કેવી રીતે પાળી શકીએ?

5. મુખપાઠ કલમ:

યોહાન 3:36 — "જે દીકરા પર વિશ્વાસ રાખે છે તેને અનંતજીવન છે, પણ જે દીકરાને માનતો નથી તે જીવન જોશે નહિ, કેમ કે ઈશ્વરનો કોપ તેના પર રહે છે."

ઉત્પત્તિ 7:5 — "અને ઈશ્વરે નૂહને જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે નૂહે બધું કર્યું."

૬. ચિત્રમાં રંગ પૂરો:

